પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૫૨ | ૨૩ નવેમ્બર, ૨૦૧૮, શુક્રવાર; કારતક સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### વિજય માલ્યાનુ લંડનનુ મકાન જપ્ત કરાશે

કરોડોનુ દેવુ કરી વિદેશ ભાગી જનાર વિજય માલ્યાનુ સેન્ટ્રલ લંડન સ્થિત આલીશાન મકાનને યુબીએસ બેંક જપ્ત કરશે. બ્રિટનની કોર્ટે આ બાબતે નિર્ણય કર્યો છે.

### અસમમાં ગ્રેનેડથી હુમલો

અસમમાં ઉગ્રવાદીઓએ પુનઃ હુમલો કર્યો છે. ગ્રેનેડ વડે થયેલા હુમલામાં એક વ્યક્તિનું મૃત્યુ નીપજ્યુ છે. જ્યારે એક ઘાયલ થયો છે. આ હુમલા પાછળ ઉલ્ફા ઉગ્રવાદીઓનો હાથ હોવાની આશંકા છે.

### દિલ્હી વિધાનસભાનું વિશેષ સત્ર

દિલ્હી વિધાનસભાનુ એક દિવસીય વિશેષ સત્ર બોલાવવાની તૈયારીઓ આરંભાઈ છે. સીએમ કેજરીવાલ પર થયેલા હુમલા બાદ ઉપ મુખ્યમંત્રી મનીષ સિસોદીયાએ જણાવ્યુ છે કે આ વિશેષ સત્રમાં આ બાબતે ચર્ચા કરવામાં આવશે.

### બેલેટ પેપરથી ચૂંટણીની માંગ ફગાવાઈ

આગામી દિવસોમાં યોજાનાર વિધાનસભા અને લોકસભાની ચૂંટણીઓમાં ઈવીએમની જગ્યાએ બેલેટ પેપરનો ઉપયોગ કરવાની માંગ કરતી અરજી સુપ્રિમ કોર્ટે ફગાવી દીધી છે. આ અરજી ન્યાયભૂમિ નામના એનજીઓએ દાખલ કરી હતી.

# કરતારપુર કોરિડોરને કેબિનેટની મંજુરી

**ગુરુનાનક જયંતિના એક દિવસ પહેલા કેન્દ્ર સરકાર દ્વારા નિર્ણય : શીખ સમુદાય ભારે ખુશ : કોરિડોરના નિર્માણ ઉપર થનાર તમામ ખર્ચનો પૂર્ણ બોજ કેન્દ્ર સરકાર ઉપાડશે શીલાવાસામાં મેડિકલ કોલેજ અને ઓબીસી સબકેટેગરી અંગે પંચને મંજુરી**

નવી દિલ્હી,તા. ૨૨

કેન્દ્ર સરકારે આજે એક મહત્વપૂર્ણ અને દુરગામી નિર્ણય કેબિનેટની બેઠકમાં કર્યો હતો જેમાં કરતારપુર કોરિડોરને લઈને મોટો નિર્ણય કરવામાં આવ્યો હતો. સરહદ સુધી કરતારપુર કોરિડોર બનાવવાને લીલીઝંડી આપવામાં આવી હતી. ગુરુનાનક જયંતિના પ્રકાશ પર્વના એક દિવસ પહેલા જ કેન્દ્રીય કેબિનેટે કરતારપુર કોરિડોરને લીલીઝંડી આપી હતી. સરહદની બીજી બાજુ અને પાકિસ્તાનમાં શીખ સમુદાયના પવિત્ર કરતારપુર સાહિબ ગુરુદ્વારા છે. પાકિસ્તાન દ્વારા મંજુરી ન આપવાના કારણે શીખ સમુદાયના લોકો દુરબીનથી કરતારપુર સાહિબના દર્શન કરે છે.





નાણામંત્રી અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, સરકારે નિર્ણય કર્યો છે કે, આના પર થનાર ખર્ચને કેન્દ્ર સરકાર સંપૂર્ણપણે ઉપાડશે. કેન્દ્ર સરકારે શીલાવાસામાં મેડિકલ કોલેજ અને ઓબીસીમાં સબકેટેગરી ઉપર કામ કરી રહેલા કમિશનને રિપોર્ટ આપવા માટે વધુ એક મહેતલ આપી દીધી છે.

● અનુસંધાન પાન-૩ પર

# હોબાળો થયા બાદ રામ માધવે નિવેદન પરત ખેંચ્યું

**કાશ્મીરમાં સરકાર રચવાને લઇને પાકિસ્તાન તરફથી એનસી અને પીડીપીને સૂચના મળી હોવાના નિવેદન બાદ તીવ્ર પ્રતિક્રિયા પછી માધવે નિવેદન ખેંચ્યું**



શ્રીનગર,તા. ૨૨

જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાને ભંગ કરવામાં આવ્યા બાદ આક્ષેપ પ્રતિઆક્ષેપના દોર વચ્ચે રાજકીય ઘમસાણની સ્થિતી જોવા મળી રહી છે. જો કે જમ્મુ કાશ્મીરમાં સરકારની રચના કરવા માટે સાથે આવવા પીડીપી અને એનસીને સરહદ પારથી આદેશ મળ્યો છે તેવા નિવેદનને ભાજપના જનરલ સેક્રેટરી રામ માધવે આજે જોરદાર હોબાળો થયા બાદ અંતે પાછુ ખેંચી લીધુ હતુ. સરકાર રચવા માટે તેમની સુચિત હિલચાલની ઝાટકણી કાઢતા રામ માધવે વધુ આક્રમક બનીને આગામી વિધાનસભાની ચૂંટણી સાથે મળીને લડવા માટે બંને ક્ષેત્રીય પક્ષોને પડકાર ફેંક્યો હતો. તેમના સુચન બદલ નેશનલ કોન્ફરન્સના નેતા ઉમર અબ્દુલ્લા તરફથી કરવામાં આવેલી કઠોર પ્રતિક્રિયા અંગુ પુછવામાં આવતા માધવે કહ્યુ હતુ કે તેઓ તેમના બહારના દબાણના નિવેદનને પરત ખેંચે છે. જમ્મુ કાશ્મીર વિધાનસભાને ભંગ કરવામાં આવ્યા બાદ રાજકીય આક્ષેપબાજીનો દોર વધારે તીવ્ર બની ગયો છે.


# રાજ્યના હિતમાં વિધાનસભા ભંગનો નિર્ણય

**રાજ્યપાલ સત્યપાલ મલિક દ્વારા સ્પષ્ટતા કરાઈ : બંધારણ મુજબ કામ કર્યું છે : અપવિત્ર ગઠબંધનને મંજુરી નહીં આપે : ચૂંટાયેલી સરકાર સત્તારુઢ થાય તેવી મહેચ્છા**

જમ્મુ, તા. ૨૨

જમ્મુ કાશ્મીર વિધાનસભાને વિખેરી નાંખવામાં આવ્યાના એક દિવસ બાદ રાજ્યપાલ સત્યપાલ મલિકે આજે કહ્યું હતું કે તેઓએ રાજ્યના વ્યાપક હિતમાં તથા બંધારણ મુજબ કામ કર્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યમાં સરકારની રચના કરવા માટે હોર્સ ટ્રેડિંગની પ્રક્રિયા મોટાપાયે ચાલી રહી હતી.

તેમણે કહ્યું હતું કે, પક્ષાંતર કરીને કોઈ સરકાર બનાવવામાં આવે તેમ તેઓ ઈચ્છતા નથી. કોઈપણ અપવિત્ર ગઠબંધનની સરકારને તેઓ ચલાવી લેશે નહીં અને આવી સરકારને તક પણ આપશે નહીં. તેમણે કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાં બંધારણ મુજબ તેઓએ કામ કર્યું છે. રાજ્યના હિતમાં વિધાનસભાને વિખેરી નાંખવામાં આવી છે. રાજ્યપાલે એમ પણ કહ્યું હતું કે, રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી યોજાય તેમ તેઓ ઈચ્છે છે.



# દેશમાં ૭૦ ટકા નાગરિકો હજુ પણ રોકડ વ્યવહાર પર નિર્ભર

**માત્ર ૩૦% એટીએમ વાપરી રહ્યાં છે : ઉ.પ્રદેશ, મ.પ્રદેશ, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોની હાલત બહુ ખરાબ, વિશ્વમાં સૌથી ઓછા એટીએમ ભારતમાં**

ન્યુ દિલ્હી,તા.૨૨

નોટબંધી પછી દેશમાં ડિજિટલ ટ્રાંજેક્શનમાં વધારો થયો છે. એવો દાવો કરવામાં આવ્યો છે કે અત્યારે વધારેમાં વધારે લોકો ડિજિટલ ટ્રાંજેક્શન વધારે પસંદ કરી રહ્યાં છે પરંતુ હકીકત કંઈક અલગ છે. સત્તાવાર આંકડા અુસાર, દેશના ૩૦ ટકા ખાતાધારકો નિયમિત એટીએમનો ઉપયોગ કરે છે, જ્યારે ૭૦ ટકા ખાતાધારકો આજે પણ રોકડ પર આધાર રાખે છે. તેનું કારણ નબળું ઈન્ફ્રાસ્ટ્રકચર અને નેટવર્ક છે, જેની અસર એટીએમ નેટવર્કના ગ્રોથ પર પડી છે.

એટીએમ ઉદ્યોગ સાથે જોડાયેલ એક સંગઠન સીએટીએમઆઈના ડિરેક્ટર વી બાલાસુબ્રમણ્યનનું કહેવું છે કે દેશમાં હાજર ૨.૩૮ લાખ એટીએમમાંથી ૧૦ ટકા મશીન અલગ અલગ કારણોના લીધે કામ નથી કરતા. દેશની વસ્તીને જોતા ઓછામાં ઓછા ૧૦ લાખ એટીએમની જરૂર છે. અત્યારે હાજર એટીએમમાં ૮૦ ટકા મશીન શહેરો અને ઔદ્યોગિક વિસ્તારોમાં છે, જ્યારે ગામડાઓમાં એટીએમ લગાવવામાં બાકી છે.

એટીએમ ઉદ્યોગની સાથે જોડાયેલા લોકોનું કહેવું છે મેટ્રો અને મોટા શહેરોને બાદ કરતા મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર અને પશ્ચિમ બંગાળ સહિત ઘણા રાજ્યોના વિસ્તારોમાં એટીએમ ઉપયોગ કરવા માટે લોકોને ૪૦ કિલોમીટર દૂર જવું પડે છે.

વી બાલાસુબ્રમણ્યનએ કહ્યું કે, સમગ્ર દુનિયાના મુકાબલે ભારચમાં સૌથી ઓછા એટીએમ છે. અહીં એક લાખ લોકોની વચ્ચે માટે માત્ર ૮.૯ એટીએમ છે. તો બીજી તરફ બ્રાજિલમાં ૧૧૯.૬ એટીએમ, થાઈલેન્ડમાં ૭૮, દક્ષિણ આફ્રિકમાં ૬૦ અને મલેશિયામાં ૫૬.૪ એટીએમ છે. તેમને જણાવ્યું કે, ચીનએ અત્યાર સુધીમાં ૧૦ લાખ એટીએમ લગાવી દીધા છે. એવું માનવામાં આવી રહ્યું છે કે ૨૦૨૦ સુધી ૧૫ લાખ એટીએમનો આંકડો પહોંચી શકે છે.

# સર્જિકલ સ્ટ્રાઈકને નકારી ન શકાય : રાવત

**પાકિસ્તાનની નાપાક હરકતો યથાવતરીતે જારી રહી છે : આતંકવાદીઓને ટેકો આપનાર પથ્થરબાજો એકરીતના ત્રાસવાદી ગતિવિધિના ભાગ તરીકે છે : પાકિસ્તાની સેનાનો આતંકવાદીને ખુલ્લો ટેકો : આર્મી ચીફ**

નવી દિલ્હી,તા. ૨૨

પાકિસ્તાન તેની નાપાક હરકતો જારી રાખી રહ્યુ છે. પાકિસ્તાનની હરકત વચ્ચે આર્મી ચફ બિપિન રાવતે કહ્યુ છે કે સરહદ પાર ત્રાસવાદીઓના લોન્ચ પેડને ફુંકી મારવા માટે ફરી એકવાર સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવી શકે છે. તેમણે કહ્યુ હતુ કે પાકિસ્તાન સતત સરહદ પારથી ત્રાસવાદી ગતિવિધીને ટેકો આપે છે. આવી સ્થિતીમાં ભારત કઠોર પગલા લેવા માટે મજબુત થઈ શકે છે. આર્મી ચફે કહ્યુ હતુ કે વર્ષ ૨૦૧૬માં પાકિસ્તાની સંસ્થાઓને કઠોર સંદેશ આપવાના ઈરાદાથી સર્જિકલ હુમલા કરવામાં આવ્યા હતા. જનરલ રાવતે કહ્યુ હતુ કે અમે કહેવા માંગીએ છીએ કે જો તમે આ પ્રકારની ગતિવિધી જારી રાખશો તો અમે સરહદ પાર રહેલા કેમ્પોને ફુંકી મારવા માટે ખચકાટ અનુભવ કરીશુ નહીં. આશા મુજબ સારા પરિણામ નહીં મળે તો કાર્યવાહી કરવામાં આવશે. અંકુશ રેખા પર પાકિસ્તાન દ્વારા સતત યુદ્ધવિરામના ભંગ અંગે તેમણે કહ્યુ હતુ કે પાકિસ્તાની સેના ત્રાસવાદીઓને સરહદમાં ઘુસાડી દેવા માટે ગોળીબાર કરે છે. ગોળીબારના કારણે ત્રાસવાદીઓને ભારતમાં ઘુસી જવાન તક મળી જાય છે. ભારતીય સેનાનુ ધ્યાન ભંગ કરવા માટે આ પ્રકારે ગોળીબાર કરે છે. એલઓસી ઉપર યુદ્ધ વિરામની ઘટનાઓના સંદર્ભમાં જનરલ રાવતે કહ્યું હતું કે, પાકિસ્તાની સેના ખુલ્લીરીતે આતંકવાદીઓને ટેકો આપે છે. જનરલ રાવતે અગાઉના નિવેદનને દોહરાવતા કહ્યું હતું કે, પથ્થરબાજ પણ આતંકવાદીઓને સમર્થન આપી રહ્યા છે. જે લોકો આતંકવાદ વિરોધી ઓપરેશન આડે અડચણો ઉભી કરી રહ્યા છે તે લોકો પણ તે સંગઠનોના હિસ્સા તરીકે હોય છે. જમ્મુ અને કાશ્મીરના લોકોની સામે હિંસા ફેલાવે છે તે લોકોને બોધપાઠ ભણાવવાની જરૂર છે. આર્મી ચીફે કહ્યું હતું કે, આતંકવાદીઓ બાદ આર્મી એવી ખાતરી કરવા માંગે છે કે તેઓ કાશ્મીરના લોકોની સામે હિંસા ફેલાવી શકે નહીં. જે લોકો પણ આતંકવાદ સામે હિંસા ફેલાવવા ઈચ્છુક છે તે લોકો ત્રાસવાદી ગતિવિધિમાં સામેલ હોય છે.



રાવતે કહ્યું હતું કે, ત્રાસવાદીઓ સીધીરીતે ખીણના યુવાનોને ટાર્ગેટ બનાવે છે જે જોખમમાં તેમની સાથે થઈ જાય છે. પથ્થરબાજો નિર્દોષ યુવાનો હોય છે. તમામની વય ૧૫થી ૧૭ વર્ષની હોય છે જ્યારે ૨૫થી ૨૬ વર્ષની વયના થઈ જાય છે ત્યારે ત્રાસવાદી બનવા માટે ગ્રેજ્યુએટ થઈ જાય છે.

## કુલગામમાં સેનાના કેમ્પ પર હુમલો

જમ્મુ,તા. ૨૨

જમ્મુ કાશ્મીરના કુલગામમાં સેનાના આરઆર કેમ્પ પર કરવામાં આવેલા હુમલા બાદ સેનાના જવાનોએ તરત જ કાર્યવાહી કરી હતી. જો કે ત્રાસવાદીઓ હુમલો કરીને ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. પ્રાપ્ત માહિતી મુજબ આજે સવારે જમ્મુ કાશ્મીરના કુલગામમાં સ્કોસ્ટ રિસર્ચ સેન્ટર નજીક સેનાના કેમ્પ પર ત્રાસવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. સુરક્ષા દળોએ તરત જ જવાબી કાર્યવાહી કરી હતી. આ હુમલામાં એક સ્થાનિક નાગરિક ઘાયલ થયો હતો. એમ કહેવામાં આવી રહ્યુ છે કે સેના તરફથી કરવામાં આવેલી કાર્યવાહી છતાં ત્રાસવાદીઓ ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. ત્રાસવાદીઓની શોધખળો માટે જોરદાર ઓપરેશન ચાલી રહ્યુ છે. સોપિયન જિલ્લા અને આસપાસના વિસ્તારોના સ્થાનિક ત્રાસવાદીઓ સક્રિય થયા હોવાના અહેવાલ હાલમાં મળી રહ્યા છે.

**સ્ટાફ જોઈએ છે.**
છોકરી-છોકરા, ડેટા એન્ટ્રી માટે
ઈન્ટરીયુ તારીખ તા.૨૩-૧૧-૨૦૧૮
ઓફીસ : વહેતા તે પહેલા
૭૦૧, અભિષેક કોમ્પ્લેક્ષ
હોટલ હવેલીની સામે સે-૧૧, ગાંધીનગર.
મો. ૯૮૯૮૬૦૦૧૪૩, ૯૯૯૮૬૦૬૬૬૦

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

નૂતન વર્ષાભિનંદન
બનાસ બેંક Since 1959
આપણી બેંક બનાસ બેંક
દિપાવલી તથા નૂતન વર્ષ નિમીત્તે
બનાસ બેંક પરિવાર વતી હાર્દિક શુભકામનાઓ...
મોબાઇલ બેંકિંગ, ઇન્ટરનેટ બેંકિંગ તથા IMPS
રુપે ડેબિટ કમ એટીએમ કાર્ડ તથા રુપે કિસાન ક્રેડિટ કાર્ડ
RTGS/NEFT અને SMS એલર્ટ
બેંકની અદ્યતન ઝડપી સુવિધાઓ
સરકારશ્રીની કોઇપણ સબસીડી માટે ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર સુવિધા
પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના તથા અટલ પેન્શન યોજના
તમામ શાખાઓ કોર બેંકીંગ સોલ્યુશન હેઠળ
સુરક્ષિત લોકર સુવિધા
લોન સુવિધાઓ
હોમ લોન | વ્હીકલ લોન | CC/HP લોન | ઉચ્ચ શિક્ષણ લોન | CC સર્વિસ બેઇઝ લોન | ખેતી વિષયક લોન
આકર્ષક વ્યાજદરે થાપણ યોજનાઓ
• બાંધી મુદતની થાપણો • "બનાસ લક્ષ્મી" કેશ સર્ટીફીકેટ
• કેશ સર્ટીફીકેટ થાપણો • માસીક બચત થાપણો
સીનીયર સીટીજન માટે ૦.૫૦% વધુ વ્યાજ
એક લાખ સુધીની તમામ થાપણો વીમાથી સુરક્ષિત
Visit us on www.banasbank.com
banasbank

VISIT TODAY
REFCOLD INDIA
22 - 24 NOVEMBER, 2018
મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર કમ એક્ઝિબિશન સેન્ટર, ગાંધીનગર, ગુજરાત
પ્રવેશ મફત
સમયઃ સવારે ૧૦ થી સાંજે ૬
કોલ્ડ ચેઈન, ઈન્ડસ્ટ્રીયલ રેફ્રિજરેશન અને રિફર ટ્રાન્સપોર્ટેશન વિશે જાણકારી આપતું સૌથી મોટુ ઈન્ટરનેશનલ પ્રદર્શન અને કોન્ફરન્સ
ISHRAE
NÜRNBERG MESSE
વધુ વિગત માટે લોગ ઈન કરો: www.refcoldindia.com